મુદ્રક : અંબિકા પ્રિન્ટર્સ
અમદાવાદ.
(૦૭૯-૨૫૪૫૩૯૦૪)

ગ્રાફિક્સ : શ્રી રવીશ રાજેન્દ્ર ઉપાધ્યાય
**'રાહ-રંગપ્રેમની'**
આણંદ-૩૮૮ ૦૦૧.
(૦૨૬૯૨-૨૪૯૪૫૫)

પ્રકાશક : પ્રેમજયંતી સમિતિ
અમદાવાદ.
મો. ૯૮૨૪૫ ૦૪૨૦૬.

આવૃત્તિ : પ્રથમ
આસો વદ નોમ, ૨૦૬૩.
શનિવાર, તા. ૩-૧૧-૨૦૦૭.

**શ્રીગુરુલીલામૃત અમૃતવર્ષ સમાપ્તિ પર્વ**

પ્રત : ૫૦૦

પાંચ રૂપિયા

મંદિરમાંથી દર્શન કરીને નીકળતાં એક શિક્ષકને ભિખારીએ કહ્યું : સાહેબ! આ આંધળાને ચાર આના આપતા જજો.

શિક્ષક : તું આંધળો છે એની શી સાબિતી?

ભિખારી : સાહેબ! પેલા લાલ રંગના થાંભલા પાસે એક કાળો આખલો ઊભેલો દેખાય છે?

શિક્ષક : હા, હા. મને દેખાય છે.

ભિખારી : સાહેબ, મને નથી દેખાતો.

આ સાબિતીથી રાજી થઈ શિક્ષકે ચાર આના આપી દીધા.

❖

શિક્ષક : મનુ! પાયજામો એકવચન કે બહુવચન?

મનુ : સાહેબ! ઉપરથી એકવચન અને નીચેથી બહુવચન.

❖

શિક્ષક : કનુ! આજે સ્કૂલે અડધો કલાક મોડો કેમ આવ્યો?

કનુ : સાહેબ! રસ્તામાં એટલો બધો કાદવ હતો કે એક ડગલું આગળ ચાલું ત્યાં બે ડગલા પાછા હઠવું પડે.

શિક્ષક : ખોટી વાત. તો તો તું સ્કૂલે જ ન આવી શકે.

કનુ : હા સાહેબ! પણ પછી મેં ઘર તરફ ચાલવાનું શરૂ કરી દીધું.

❖

શિક્ષક : બબલુ! તું ગંદકીમાં કેમ રહે છે? ગંદકી તો આપણો એક નંબરનો દુશ્મન કહેવાય.

બબલુ : સાહેબ! તમે જ તો કહ્યું હતું કે દુશ્મનને પ્રેમ કરો.

❖

શિક્ષક : રમેશ! તને એક અઘરો સવાલ પૂછું કે બે સહેલા સવાલ પૂછું?

રમેશ : સાહેબ! એક અઘરો સવાલ પૂછો.

શિક્ષક : કયા દેશમાં કયા શહેરમાં સૌ પ્રથમ પ્રસૂતિનું દવાખાનું ખૂલ્યું?

રમેશ: સાહેબ! ભારતમાં મુંબઈ શહેરમાં.

શિક્ષક : કોણે કહ્યું?

રમેશ : સાહેબ! એક જ સવાલ પૂછવાનો, બીજો નહિ.

❖

શિક્ષક : મહેશ ! સ્ત્રીની પગની પાનીની નસ તૂટી જાય તો એને શું કહેવાય?

મહેશ : સાહેબ! બ્રેઈન હેમરેજ.

❖

પિતા અને પુત્ર ઓટલા પર બેસી વાતો કરતા હતા. ત્યાં રસોડામાંથી કાચની બરણી ફૂટ્યાનો અવાજ આવ્યો.

પિતા : બેટા! જોને કોનાથી બરણી ફૂટી? તારી મમ્મીથી કે તારી પત્નીથી?

પુત્ર : મમ્મીથી.

પિતા : જોયા વગર મમ્મીનું નામ કેમ લીધું?

પુત્ર : એકલી બરણી ફૂટ્યાનો જ અવાજ આવ્યો એટલે.

❖

પતિ-પત્ની સ્કૂટર પર ફરવા નીકળ્યા. રસ્તામાં સામેથી ચાર-પાંચ ગધેડા આવતા હતા. પતિએ મશ્કરી કરતાં કહ્યું : જો તારા સગા આવે.

પત્નીએ કહ્યું : હા, પરણ્યા પછીના.

❖

ઓફિસે જતાં પતિને પત્નીએ કહ્યું કે પચાસ રૂપિયા આપતા જજો.

પતિ : તું રોજ રોજ પૈસા માગે છે પણ તને પૈસા કરતાં વધુ જરૂર અક્કલની છે.

પત્ની : એ તો અમને પણ ખબર છે પરંતુ તમારી પાસે જે હોય તે જ મંગાય ને?

❖

મરણ પથારીએ પડેલી પત્ની : હું મરી જાઉં તો તમને બહુ દુ:ખ થાય?

પતિ : અરે! હું તો ગાંડો જ થઇ જાઉં.

આ જવાબથી રાજી થયેલી પત્નીએ હિંમતથી પૂછ્યું: “તમે બીજીવાર લગ્ન તો નહિ કરોને?”

પતિ : ના, ના. એટલો બધો ગાંડો તો નહિ થાઉં.

❖

પતિના પ્રેમની કસોટી કરવા પત્નીએ પૂછ્યું.

પત્ની : હું મરી જઉં તો તમારું શું થાય?

પતિ : અરે! મારું તો હાર્ટ ફેઇલ થઇ જાય.

પત્ની : જાવ, જાવ. એમ કાંઇ તમે મરી ના જાવ.

પતિ : એકદમ આનંદના સમાચાર પણ જીરવવા બહુ મુશ્કેલ હોય છે.

❖

પોતાની પત્ની મૃત્યુ પામવાથી પતિએ અગ્નિ સંસ્કાર કર્યા. ઘરે આવીને સાંજે બાપ-દીકરો ઓટલા પર બેઠા હતા ત્યાં આકાશમાં એકદમ વીજળીના કડાકા-ભડાકા અને મેઘના ગડગડાટ થવા લાગ્યા.

પિતાએ પુત્રને કહ્યું : તારી મમ્મી ઉપર પહોંચી ગઇ લાગે છે.

❖

દર્દી : ડૉક્ટર સાહેબ! આપરેશન પછી પૈસા ચૂકવું તો ચાલશે?

ડૉક્ટર : સારું ચાલશે. પણ તમારી ગેરહાજરીમાં કોની પાસેથી લેવાના તે નામ લખતા જજો.

❖

ન્યાયાધીશ : (ચોરને) આ એક અઠવાડિયામાં તારી આઠમી ચોરી છે. સાચી વાત?

ચોર : સાહેબ! હું મહેનત કરવામાં માનું છું.

❖

શિક્ષક : (વિદ્યાર્થીઓને) જો કોઇ ગધેડાને લાકડીથી મારતું હોય અને હું ગધેડાને એમાંથી છોડાવું તો મેં કયો ધર્મ બજાવ્યો કહેવાય?

વિદ્યાર્થી : મિત્ર ધર્મ.

❖

ઓપરેશન થિયેટરમાંથી બહાર આવેલા ડૉક્ટરે કહ્યું : Operation is seccessful અને પછી ધીમેથી ઉમેર્યું : But Patient is Dead.

❖

પિતા : (પુત્રને) બેટા! જા પોસ્ટ ઓફિસેથી દસ પોસ્ટકાર્ડ લઇ આવ.

પુત્ર : પપ્પા! પૈસા?

પિતા : અરે! પૈસાથી તો સહુ કોઇ પોસ્ટકાર્ડ લાવી આપે પણ વગર પૈસે તું લઇ આવે તો તું મારો દીકરો સાચો.

પુત્ર દસ લખેલા જુના પોસ્ટકાર્ડ લઇ આવ્યો.

પિતા : અરે! કોરા જોઇએ. આ તો લખેલા છે.

પુત્ર : કોરા પોસ્ટકાર્ડ ઉપર તો સહુ કોઇ લખે, પણ લખેલા પોસ્ટકાર્ડ પર લખો તો તમે મારા બાપ સાચા!

❖

શિક્ષક : નગીન! સિંહની બોર્ડમાંથી જીવતું કોણ પાછું આવે?

નગીન : સાહેબ! સિંહના બચ્ચા.

❖

દર્દીના સગા એનેસ્થેસ્ટીસ્ટ સાથે વાત કરતા હતા.

સગા : સાહેબ! દર્દીને બેભાન કરવાના-શીશી સૂંઘાડવાના પંદરસો રૂપિયા હોય કે?

ડૉક્ટર : બેન! બેભાન કરવાના તો સો રૂપિયા જ લઉં છું. બાકીના તો એને ભાનમાં લાવવાના લઉં છું. તમે કો'તો પાછા ભાનમાં ના લાઉં.

❖

એક જણ સરદારજી પાસે ગયો અને કહ્યું : સરદારજી ! તમારું હાર્મોનિયમ આપશો?

સરદારજી : વગાડવું હોય તો અહીં વગાડો, ઘરે લઇ જવા ના મળે.

થોડા દિવસ પછી સરદારજીને ઘાસ કાપવા લોન રીમુવલ મશીનની જરૂર પડી.

એ પાડોશી પાસે ગયો અને કહ્યું : તમારું લોન રીમુવલ મશીન આપશો?

પાડોશીએ કહ્યું : મારા ગાર્ડનમાં ફેરવવું હોય તો ફેરવો ઘરે લઇ જવા ના મળે.

સરદારજીએ કહ્યું : ભલે!

અને પાડોશીના બાગની લોન સરસ રીતે કપઇ ગઇ.

❖

ઇન્ટરવ્યૂ લેનાર : ધારો કે તમે જંગલમાં છો. સાંજનો સમય છે. અંધારું થવા આવ્યું છે. તમારી પાસે ઝડપથી દોડી શકાય એવા બૂટ નથી. તમારી પાસે બંદૂક નથી. હવે એવામાં વાઘ આવીને ઊભો રહે તો તમે શું કરો?

ઇન્ટરવ્યૂ આપનાર : આમાં મારે ક્યાં કશું કરવાનું રહે છે! જે કરવાનું છે તે તો વાઘે કરવાનું છે.

❖

સિવણકામ શીખતી દીકરી સાથે માનો વાર્તાલાપ:

મા : બેટી! તારું ભણવાનું કેવું ચાલે છે?

દીકરી : મા! ખિસ્સા કાતરતા આવડી ગયું છે. હવે ગળા કાપવાનું શીખું છું.

❖

એક માજી દીકરાની વહુ સાથે દાંત પડાવવા ગયા.

ડૉક્ટરે ખુરશી પર બેસાડ્યા અને કહ્યું : માજી મોં ખોલો.

ઘણીવાર કહેવા છતાં માજી તો મોં જ ના ખોલે.

દીકરાની વહુએ કમરમાં જોરથી ચૂંટણી ખણી એટલે જેવું માજીએ 'ઓ મા રે'ની બૂમ પાડી કે તરત જ ડૉક્ટરે ઇંજેક્શન મૂકી દાંત પાડી નાંખ્યો.

ઘરે જતાં જતાં વહુએ પૂછ્યું : "બા! દુ:ખે છે?"

માજી બોલ્યા : વહુ! દાંતના મૂળિયા કમરમાં હોય છે એની આજે ખબર પડી.

❖

સરદારજી : ચાર વાગ્યાની ટ્રેઈન ક્યારે આવશે?

પ્રવાસી : ત્રણ કલાક અને સાઈઠ મિનિટે.

સરદારજી : મને હતું જ કે સમય બદલાયો જ હશે.

❖

એક વડિલના મનમાં ભૂત ભરાયું કે હું બિલાડી છું. આખો દિવસ 'મ્યાઉં મ્યાઉં' કરે અને ઘરની બહાર ન નીકળે. બહાર જાય તો ડાઘિયા કૂતરા એને ફાડી ખાય એ બીક.

દીકરાએ માનસિક રોગના દાક્તરને બતાવ્યું. દાક્તરે કુશળતાપૂર્વક સમજાવી દીધું કે તમે બિલાડી નથી. દવા આપી.

પંદર દિવસે દીકરાએ ફોન કર્યો અને જણાવ્યું કે હવે મ્યાઉં મ્યાઉં નથી બોલતા પણ ઘરની બહાર નથી જતા. અમે સમજાવીએ છીએ કે તમે બિલાડી નથી તો એ કહે છે કે મને અને તને ખબર છે પણ ડાઘિયા કૂતરાને ક્યાં ખબર છે કે હું બિલાડી નથી.

❖

ફ્લેટના ચોથા માળે એક વડીલ ગેલેરીમાં ઊભા હતા.

એની સામે જોઈને નીચેથી પસાર થતા એક માણસે કહ્યું : છોકરાને આવા સંસ્કાર આપો છો? જનારા પર ઢેખાળા ફેંકે છે.

વડીલ : તમને ઢેખાળો વાગ્યો?

મુસાફર : અરે! એ તો હું બચી ગયો.

વડીલ : તો મારા દીકરાએ નહિ ફેંક્યો હોય.

❖

ભજીયાની લારી પર એક યુવાન ગ્રાહક ભજીયા ખાતો હતો. એણે લારીના માલિકને ફરિયાદ કરતા કહ્યું : કાલના જેવા ભજીયા નથી.

માલિકે કહ્યું : કાલના જ છે.

❖

એક હોટલમાં ચા પીને ગલ્લા પર ફરિયાદ કરતા ગ્રાહકે કહ્યું : આવી ચા બનાવોછો? ચામાં તો કેરોસીનની વાસ આવે છે.

હોટલનો માલિક : ખોટી વાત. કેરોસીનની વાસ તો કોફીમાંથી આવે છે. ચામાંથી તો ફિનાઇલની વાસ આવે છે.

ગ્રાહકે કહ્યું : લાવો ફરિયાદ પોથી. મારે ફરિયાદ કરવી છે.

માલિક : થોડી વાર ઊભા રહો. કાલે જ ૨૦૦ પાનાની ફરિયાદ પોથી મંગાવી હતી તે ભરાઇ ગઈ છે એટલે બીજી લેવા માણસ મોકલ્યો છે.

ગ્રાહક જતો જ રહ્યો.

❖

હેવમોર જેવી પ્રતિષ્ઠિત રેસ્ટોરાંમાં જઇને અનેક વસ્તુ ખાધા પછી બિલ લઇને ગ્રાહક કાઉન્ટર પર ગયો.

કાઉન્ટરવાળા ભાઇ : એકસોને સાઇઠ રૂપિયા.

ગ્રાહક : ઓળખાણ પડે છે?

કાઉન્ટરવાળો : ના, ના. કાંઇ ખ્યાલમાં નથી આવતું.

ગ્રાહક : પંદર દિવસ પહેલાં એક ગ્રાહક આવ્યો હતો. એણે એંસી રૂપિયાનું બિલ ચૂકવ્યું નો'તું. તમે એને એક લાફો માર્યો હતો!

કાઉન્ટરવાળો : હા, હા. યાદ આવ્યું.

ગ્રાહક : આજે બે લાફા મારો.

❖

એક સારી હોટલમાંથી રોજ જર્મન સિલ્વરની બે ચમચી ચોરાતી હતી. માલિકે એક વેઇટરને ધ્યાન રાખવા રાખ્યો.

એક પ્રતિષ્ઠિત વ્યક્તિએ આવીને ખાધું અને પછી બે ચમચી ગજવામાં મૂકી. જેવી ગજવામાં મૂકી તેવી જ વેઇટરે કાઉન્ટર પર ફરિયાદ કરી.

માલિકે આવીને પૂછ્યું : સાહેબ! આપ તો રોજ આવો છો તો આપ બે ચમચી લઇ જાવ છો?

સાહેબે કહ્યું : હા!

માલિકે પૂછ્યું : આવું કરવાનું કારણ?

સાહેબે તો ગજવામાંથી એક કાગળ કાઢ્યો અને બતાવ્યો.

એક પ્રતિષ્ઠિત ડૉકટરનું પ્રિસ્ક્રીપ્શન હતું. દવાનું નામ અંગ્રેજીમાં લખી નીચે ગુજરાતીમાં લખ્યું હતું: "રોજ જમ્યા પછી બે ચમચી લેવી."

❖

શિક્ષક : ગગન! એક ટ્રેઈન કલાકના ૧૦૦ કિલોમીટરની ઝડપે જાય છે. એમાં ફર્સ્ટકલાસના છ અને સેકન્ડ કલાસના દસ ડબ્બા છે. તો મારી ઉંમર કેટલી?

ગગન : સાહેબ! પચાસ વર્ષ.

શિક્ષક : શાબાશ! સાચો જવાબ. પણ તેં કેવી રીતે જવાબ શોધ્યો?

ગગન : સાહેબ! મારો એક મોટો ભાઈ અડધો ગાંડો છે. એની ઉંમર પચ્ચીસ વર્ષ છે. એના આધારે.

❖

એણે ધીરે ધીરે ધંધામાં સરસ પ્રગતિ કરી. એણે ઠેઠ નીચેથી ઉપર સુધી પ્રગતિ કરી છે.

એટલે કેવી રીતે?

પહેલા એ બૂટપોલિશ કરતો હતો હવે તેલ-માલીશ-ચંપી કરે છે.

❖

બધી ગાડીઓ ઘણી મોડી પડતી હતી એટલે કંટાળેલો એક મુસાફર સ્ટેશન માસ્તર પાસે ફરિયાદ કરવા ગયો.

મુસાફર : બધી ટ્રેન બબ્બે ચાર ચાર કલાક મોડી જ પડવાની હોય તો ટાઈમ ટેબલ શું કામ બનાવો છો?

સ્ટેશન માસ્તર : ટ્રેન કેટલા કલાક મોડી છે એની ખબર પડે એટલા માટે.

❖

પિતા : બેટા! બે ને બે કેટલા થાય?

પુત્ર : સાત.

પિતા : સાત? કોણે શીખવાડ્યું?

પુત્ર : ઘરે ભણાવવા આવે છે ને એ સાહેબે.

એટલામાં જ સાહેબ ભણાવવા આવ્યા એટલે છોકરાના પિતાએ સાહેબને જ પૂછ્યું કે બે ને બે

સાત થાય એમ તમે શીખવાડ્યું છે?
સાહેબે કહ્યુ : હા.
બાપે કહ્યું : આવું ભણાવો છો? આવું ભણાવવાના પૈસા લો છો?

સાહેબે કહ્યું : વડીલ! પહેલે દિવસે તમારા ચિરંજીવીને પૂછ્યું કે બે ને બે કેટલા થાય? તો કહે કે બાવીસ. હું એને ચાર થાય એમ કહું તો માને જ નહિ. એકનો બે ન થાય. પછી ધીરે ધીરે સમજાવીને એને બાવીસ પરથી વીસ, સોળ, ચૌદ કરતાં કરતાં સાત ઉપર લાવ્યો છું. એક-બે દિવસમાં ચાર ઉપર આવી જશે.

❖

એક છોકરો પૂરી ખાતો હતો. એક પછી એક એમ અગિયાર પૂરી ખાધા પછી એણે જ્યાં બારમી પૂરી ખાધી ત્યાં ધરાઇ ગયો. જેવો ધરાઇ ગયો તેવો જ રડવા લાગ્યો. એને રડતો જોઇને એક વડીલે પૂછ્યું : અલ્યા! અત્યારે તું આનંદથી પૂરી ખાતો હતો ને હવે રોવા કાં લાગ્યો?

છોકરો કહે કે આ છેલ્લી પૂરીથી મારી ભૂખ મટવાની છે એવી ખબર હોત તો એ જ પૂરી પહેલી ન ખાધી હોત? મારી બીજી પૂરી તો બચત ને!

❖

પછી સાવિત્રીના પ્રાણ લઇને યમરાજાએ ચાલવા માંડ્યું તો સત્યવાન એની પાછળ પાછળ દસ કિલોમીટર ગયો. યમરાજા પ્રસન્ન થયા અને બોલ્યા : “સત્યવાન! પત્ની પાછળ આ રીતે જનાર

મેં કોઇ પુરુષ જોયો નથી. માગ, માગ.
જે માગે તે આપું."

સત્યવાન બોલ્યો : "મહારાજ! એટલું જ કહેવા
અહીં સુધી આવ્યો છું કે
દયા લાવીને એને પાછી
જીવતી ના કરશો."

❖

અડવો એટલે અક્કલનો ઓથમીર. ઘરમાં અડવો, અડવાની મા અને અડવાની વિધવા બહેન રહે. પછી અડવો પરણ્યો. અડવાની પત્ની પિયર ગઇ હતી. અડવો એને તેડવા જતો હતો. માએ કહ્યું : બેટા! લોકો તને મૂરખ સમજીને મશ્કરી કરે છે. તો તું જરા સાવધ રહેજે. એમાં તારી નાની સાળી છે ને તે બહુ ચબરાક ને ચિબાવલી છે. એટલે એનાથી ચેતેલો રહેજે.

અડવાએ કહ્યું : મા! તું નાહકની ચિંતા કરે છે.

અડવો જેવો સાસરિયાના ગામે પહોંચ્યો ત્યાં જ પેલી નાની સાળી જ મળી.

એ તો જીજાજી! જીજાજી! કરતી દોડતી ગઈ અને પૂછ્યું : "જીજાજી! કેમ આવ્યા?"

અડવો : તારી બેનને લેવા.

સાળી : (રડવા જેવું મોં કરીને) એનાથી તો અવાય એવું નથી.

અડવો : કેમ શું થયું?

સાળી : તમને ખબર નથી? મારી બેન તો વિધવા થઈ છે.

અડવો તો આશ્વાસન આપીને ભાગોળેથી જ પાછો ફર્યો. માએ પૂછ્યું ત્યારે બધી વાત કહી સંભળાવી.

મા : અરે અડવા! તારામાં આટલી પણ અક્કલ નથી. તું જીવતો હોય પછી એની બેન કેવી

રીતે વિધવા થાય?

અડવો છંછેડાયો. ગુસ્સામાં આવીને કહેવા લાગ્યો : "બા હું જીવતો હોઉં અને જો મારી બેન વિધવા થઈ શકે તો એની બેન વિધવા કેમ ન થઈ શકે?"

❖

એક નદીના કિનારે જાંબુનું ઝાડ હતું. એના ઉપર વાંદરો રહે. એ જાંબુ ખાય અને થોડા જાંબુ નદીમાંના મગરને આપે. એક દિવસ વાંદરાએ ઘણા બધા જાંબુ નાંખ્યા. મગર થોડા જાંબુ મગરી માટે લઈ ગયો.

જાંબુ ખાધા પછી મગરી બોલી : આ જાંબુ આટલા મીઠા છે તો એ જાંબુ ખાનાર વાંદરાનું કાળજું કેટલું મીઠું હશે? તમે વાંદરાને અહીં સમજાવીને- પટાવીને લઈ આવો.

મગરે તો વાંદરાને મીઠી-મીઠી વાતો કરી એટલે વાંદરો તો મગરની પીઠ ઉપર બેસીને ગયો. મગરીએ જ્યારે કાળજું ખાવાની વાત કરી ત્યારે વાંદરો ગભરાયો અને પસ્તાયો. પરંતુ ચતુર વાંદરાએ કહ્યું કે કાળજું તો હું ઝાડ પર મૂકીને આવ્યો છું. ચાલો પાછા.

ભોળો મગર એને પાછો લઈ ગયો. ઝાડ ઉપર જઈને વાંદરાએ કહ્યું : મૂરખ! કાળજું તે કાંઈ ઝાડ ઉપર રખાતું હશે? બસ! તે દિવસથી વાંદરાએ મગરને જાંબુ નાંખવાનું બંધ કરી દીધું.

વાર્તાનો સાર: ભાઈઓને શિખામણ કે ખાતાં ખાતાં વસ્તુ વધે તો ફેંકી દેવી પણ ઘરે લઈ જવી નહિ. મગરે કરેલી ભૂલ કરવી નહિ.

❖

વડીલ : અલ્યા છોકરા! આવી કેવી ફેશન? આગળથી ઈન્શર્ટ કર્યું છે અને પાછળથી શર્ટ લબડતું છે?

છોકરો : કાકા! આગળથી શર્ટ ફાટેલું છે અને પાછળથી ચડ્ડી ફાટેલી છે. ફેશન નથી.

❖

ટ્રેઈનમાં બે મિત્રો પ્રવાસ કરતા હતા. એ બે વચ્ચે એમણે એક જ ટિકિટ લીધી હતી. સામે બે સરદારજી બેઠા હતા. એમણે જાણ્યું કે આમણે એક જ ટિકિટ લીધી છે એટલે ચિંતા કરતા હતા. ત્યાં જ ટિકિટ ચેકર આવ્યો. ટિકિટ ચેકરને જોઈને બંને મિત્રો ધીમેથી ઊભા થઈને જાજરામાં જતા રહ્યા. ટિકિટ ચેકરે બારણા ઉપર ટકોરો માર્યો એટલે એમણે નીચેથી ટિકિટ સરકાવી દીધી. ટિકિટ ચેકરે ટિકિટ પર નિશાની કરી પાછી સરકાવી.

બીજી વાર એ જ બે મિત્રો અને સામેની સીટે એ જ બે સરદારજી બેઠા હતા. સરદારજીએ કહ્યું કે આજે તો અમે પણ બે વચ્ચે એક જ ટિકિટ લીધી. એક મિત્ર બોલ્યો કે તમને ટિકિટ લેતા જોયા એટલે પછી અમે ટિકિટ ના લીધી.

એટલામાં ટિકિટ ચેકર આવ્યો. બંને સરદારજી ગભરાઈને વહેલા વહેલા એક જાજરામાં જતા રહ્યા. થોડી વાર પછી બે મિત્રો ટિકિટ ચેકર આવે તે પહેલાં ઊભા થઈને જાજરા પાસે ગયા. જે જાજરામાં સરદારજી ભરાયા હતા તેના બારણા પર ટકોરો માર્યો. સરદારજી સમજ્યા કે ટિકિટ ચેકર આવ્યો લાગે છે. એમણે ટિકિટ નીચેથી સરકાવી દીધી. એ ટિકિટ લઈને બંને મિત્રો સામેના જાજરામાં જતા રહ્યા. ટિકિટ ગઈ ત્યાં જ ટિકિટ ચેકરનો ટકોરો પડ્યો અને સરદારજી દંડાયા.

❖

એક ધાર્મિક કાર્યક્રમમાં એક નાનો છોકરો આરતી ફેરવતો હતો. એક વડીલે આરતીમાં પૈસા મૂકવાને બદલે પાંચ રૂપિયાની નોટ લઇને ખિસ્સામાં મૂકી દીધી.

છોકરો : કાકા! આ શું કરો છો? ભગવાનના પૈસા ખિસ્સામાં મૂકતા શરમ નથી આવતી?

વડીલ : તારા કરતાં ભગવાન પાસે હું વહેલો પહોંચવાનો છું એટલે રૂબરૂ આપવા માટે લીધા છે. શું સમજ્યો?

❖

હું તમને જોઉં છું ત્યારે મને મારી ફોઇ યાદ આવે છે. એ એકદમ તમારા જેવા જ છે. માત્ર મૂછનો ફેર છે.

પેલા ભાઇએ કહ્યું પરંતુ મારે તો મૂછ નથી.

હા, પણ મારી ફોઇને છે.

❖

બેબી! તું મોટી થઈને શું બનીશ?
બેબીએ જવાબ આપ્યો : ડોશી.

❖

શિક્ષક અને વડીલ બંને મને ખબર નથી એવું બોલતા ખચકાય છે. વાંચો.

પુત્ર : પપ્પા! આ પક્ષી ચણે છે તેમાં ચકલો કોણ અને ચકલી કોણ એની મને ખબર નથી પડતી.

પિતા : એમાં શું ખબર નથી પડતી? જો એક પથ્થર લેવાનો અને મારવાનો. ઊડી ગયો તે ચકલો અને ઊડી ગઇ તે ચકલી. બરાબર?

પુત્રએ પહેલાં તો હા કહી પણ પછી મૂંઝાયો અને પ્રશ્ન પૂછ્યો.

પુત્ર : પણ પપ્પા! ઊડી ગયો કોણ અને ઊડી ગઇ કોણ?

પિતા: અરે! એટલી પણ સમજ નથી પડતી?

ચકલો હતો તે ઊડી ગયો અને ચકલી હતી તે ઊડી ગઇ. ચાલ હવે જા. મને મારું કામ કરવા દે.

❖

એકાઉન્ટન્ટની જગ્યા માટેના ઇન્ટરવ્યૂ ચાલતા હતા. ઇન્ટરવ્યૂમાં બધાને એક પ્રશ્ન જ પૂછાતો. પ્રશ્ન હતો કે એક ને એક કેટલા થાય? મોટા ભાગનાએ બે કહ્યું. કેટલાકે અગિયાર પણ કહ્યા. પરંતુ પસંદગી ન પામ્યા. જે ઉમેદવાર પસંદ થયો તેનો જવાબ હતો : સાહેબ! તમારે કેટલા કરવા છે?

❖

તમે બોલો છો ત્યારે બેન! તમે તમારા હોઠ ઉપર આડી આંગળી કેમ રાખો છો?
બેને જવાબ આપ્યો : મૈં હિંદી બોલતી હૂં ના!
હિંદી લીપીમેં ઉપર લાઇન આતી હૈ ના!

❖

પિતા : તારામાં સહેજ પણ અક્કલ નથી. તું તો ગધેડો છે ગધેડો.

પુત્ર : (ધીમા અવાજે) બાપુજી! હાથીના બચ્ચાને શું કહેવાય?

પિતા : બેટા! મદનિયું કહેવાય.

પુત્ર : અને બકરીના બચ્ચાને.

પિતા : લવારુ કહેવાય.

પુત્ર : અને ગધેડાના બચ્ચાને.

પિતા : ખોલકું કહેવાય.

પુત્ર : તો પિતાજી! તમે મને ખોલકું કેમ નથી કહેતા? અને ગધેડો કેમ કહો છો?

❖

નસરુદ્દીને તેના છોકરાને પાણીનું માટલું ભરી લાવવા કહ્યું અને કહ્યું કે જોજે માટલું ફૂટી ન જાય. આમ કહીને પછી એને એક તમાચો માર્યો.

આ બધું જોનારે નસરુદ્દીનને પૂછ્યું કે આ છોકરાને તમાચો કેમ માર્યો? માટલું ફૂટ્યું તો નથી.

નસરુદ્દીને કહ્યું કે માટલું ફૂટ્યા પછી તમાચો મારવાનો શો અર્થ?

❖

એક કંજૂસ મારવાડી હતો. નામ કરોડીમલ. રોજ ફળબજારમાં જાય પણ કશું જ ખરીદે નહિ.

એક દિવસ એક દુકાને જઈને કેળાનો ભાવ પૂછી કહ્યું કે એક કેળું આપ.

દુકાનદારે હસતાં હસતાં કહ્યું : શેઠજી, આજે ઘરે મોટી મહેફિલ લાગે છે.

❖

એક મારવાડી પિતા એના પુત્રને કહેતો હતો કે બેટા! તું જુઠુ તો બોલે છે પણ જુઠુ બોલવામાં તને થોડી વાર લાગે છે. જો તું તરત જુઠુ બોલે તો તને પાંચ રૂપિયા ઇનામ આપું.

દીકરાએ તરત કહ્યું કે તમે તો દસ રૂપિયાનું ઇનામ આપવાનું કહેતા હતા.

પિતાએ કહ્યું કે અરે તું તો તદ્દન જુઠ્ઠો છે. ક્યારે દસ રૂપિયા કહ્યા હતા?

દીકરાએ કહ્યું : લાવો પાંચ રૂપિયાનું ઇનામ.

❖

પત્નીનું ગળું બેસી ગયું હતું. પતિએ ઓફિસે જતાં જતાં પૂછ્યું : તારા ગળા માટે કંઇ લાવું?

પત્નીએ કહ્યું : એક તોલાની નાની સોનાની ચેઇન લાવો તો ચાલશે.

❖

એક મારવાડી દસ માળના ફ્લેટમાં ત્રીજે માળે રહેતો હતો.

સવારે ધાબા ઉપર કંઇ કામે ગયો તો ઉપરથી પગ લપસ્યો તે સીધો નીચે પડતો હતો. નીચે પડતા પડતા ત્રીજા માળે એની પત્ની રસોડામાં દેખાઇ.

મારવાડી મોટેથી બોલ્યો : મારું રાંધતી નહિ.

❖

એક સરદારજી ભારતનો રાષ્ટ્રધ્વજ- ત્રિરંગો ધ્વજ- ખરીદવા ગયા. દુકાનદારે એને જુદી જુદી સાઇઝમાં બતાવ્યા.

ધ્વજ જોયા પછી સરદારજીએ કંઇ કહ્યું તો દુકાનદાર ખડખડાટ હસી પડ્યો.

સરદારજીએ શું કહ્યું હશે?

સરદારજીએ કહ્યું હતું : "કલરમેં વેરાઇટી દિખાઇએજી."

❖

એક કંજૂસ મારવાડી ફેમિલિ ડૉક્ટર પાસે ગયો. ડૉક્ટરે કહ્યું કે કદાચ ડાયાબિટિસને કારણે આ તકલીફ હોઇ શકે. તમારો પિશાબ તપાસાવડાવો.

મારવાડીએ પૂછ્યું કે એ કોણ તપાસે? ડૉક્ટરે લેબોરેટરીનું નામ આપ્યું અને કહ્યું કે ચાલીસ રૂપિયામાં તપાસી આપશે.

લેબોરેટરીનો રિપોર્ટ આવ્યો. મારવાડીએ ડૉક્ટરને બતાવ્યો. ડૉક્ટરે કહ્યું કે ચાલો! ચિંતાનું કારણ નથી. રિપોર્ટ નોર્મલ છે.

મારવાડીએ કહ્યું : ઘરે ફોન કરવો છે.
ડૉક્ટરે કહ્યું : લો ફોન કરો.
મારવાડીએ કહ્યું : સૂનોજી! મેરો, તેરો, રમેશ ઑર મહેશ સબકા પિશાબકા રિપોર્ટ નોર્મલ હૈ ।

❖

એક સરદારજી ઝડપથી ટ્રક ચલાવી રહ્યા હતા. એમણે એકદમ ટ્રક જમણે હાથે વાળી દીધી. પાછળ સ્કૂટર ચલાવનારે મોટેથી બૂમ પાડી : "સરદારજી! હાથ તો બતાઓ."

સરદારજીએ કહ્યું : "આટલી મોટી ટ્રક વળી તે ના દેખાઇ તે પાછો હાથ કેવી રીતે દેખાશે."

❖

એક સરદારજી વિમાનમાંથી નીચે ઉતરવાની ઉતાવળમાં હતા.
એર હોસ્ટેસે વિનંતી કરતાં કહ્યું : "Wait please."
સરદારજી બોલ્યા : Seventy two kilogram.

❖

શિયાળાના ઠંડીના દિવસોમાં મોટરસાયકલ પર બે સરદારજી જતા હતા. પાછળ બેઠેલા સતનામસિંગને ઠંડી ઓછી લાગે એ માટે ઓવરકોટના બટન પાછળ આવે એ રીતે કોટ પહેરાવ્યો હતો.

પૂર ઝડપે જતી મોટરસાયકલ પરથી સતનામસિંગ પડી ગયો તેની મોટરસાયકલ ચલાવનાર ગુરુનામસિંગને ખબર પડી નહિ. થોડી વાર પછી ખબર પડી ત્યારે મોટરસાયકલ પાછી વાળીને શોધવા નીકળ્યો.

એક જગ્યાએ દસ-બાર સરદારજીનું ટોળું ઊભુ હતું. તપાસ કરી તો પૂછતાં એક સરદારજી બોલ્યો: "પડ્યો ત્યારે તો બોલતો હતો પણ જ્યારથી અમે એની ડોક સીધી કરી ત્યારથી બોલતો નથી."

❖

બર્નાડ શો દ્વિઅર્થી શબ્દ (Pun)નો ઉપયોગ કરવામાં ખૂબ હોશિયાર હતા. એક નાટક જોવા ટાઉન હોલમાં ગયા. ડોરકિપર બર્નાડ શોને ઓળખી ગયા.

એમણે કહ્યું : એક પન કહો પછી બારણું ખોલું.

બર્નાડ શો તરત બોલ્યા : 'ઓ પન!' (Oh! Pun અને Open પણ).

❖

બર્નાડ શો એક વ્યક્તિને મળવા દાદર ચઢી રહ્યા હતા ત્યારે એમનો વિરોધી દાદર નીચે ઉતરી રહ્યો હતો. એણે મોઢું ફેરવી લીધું અને ટોણો મારતાં બર્નાડ શોને કહ્યું : "હું ગધેડાનું મોઢું જોવા માંગતો નથી."

બર્નાડ શો બોલ્યા : "પણ, હું તો જોઇ રહ્યો છું."

❖

એક ખેડૂત બેંકમાં લોન લેવા ગયો. બેંકે કહ્યું કે લોન તો મળે. પણ જામીનગીરીમાં શું આપશો? ખેડૂત મૂંઝાયો. બેંક કહે અમારા પૈસાની સલામતી શું? એટલે જામીનગીરી તો આપવી પડે.

ખેડૂત તો જતો રહ્યો.

છ આઠ મહિના પછી પાછો બેંકમાં આવ્યો. એક પોટલામાં રૂપિયાના બંડલો હતા. પાક વેચતા પૈસા આવ્યા હતા.

બેંકે કહ્યું : પટેલ! અમારી બેંકમાં પૈસા મૂકી દો.
અમે સાચવશું.

ખેડૂતે કહ્યું : જામીનગીરીમાં શું આપશો?

❖

એક ભાઈ એનું ગામ છોડી નવા ગામમાં રહેવા ગયો. થોડા દિવસો પછી પાડોશીને ઘરે જઈને રૂ. ૫૦૦ ઉછીના પૈસા માગવા લાગ્યો.

પેલાએ કહ્યું : ભાઈ! તમે નવા નવા આવ્યા છો ને અમે તમને ઓળખતાયે નથી પછી ઉછીના પૈસા કેવી રીતે દેવાય?

પેલો ભાઈ તો એના ઘરના ઉંબરે બેસી મોટેથી રડવા લાગ્યો. એ જોઈને પાડોશીએ કહ્યું : ભાઈ! આમ રડો છો તે સારું ના કહેવાય. કોઈ જુએ તો કેવું લાગે? ના કહી તેથી ઓછું રડાય છે?

પેલાએ રડતા રડતા કહ્યું : ના કહી તેથી કોણ રડે છે? પણ જે ગામમાં હું વર્ષો થયા રહેતો હતો ત્યાં લોકો એમ કહેતા કે તમને વર્ષો થયા સારી રીતે ઓળખીએ છીએ તો તમને પૈસા કેવી રીતે દેવાય? અને તમે કો'છો કે તમને ઓળખતા નથી તો પૈસા કેવી રીતે દેવાય? તો મારે જાવું ક્યાં?

❖

પરદેશથી પ્રવાસે આવેલા પર્યટકો ઉસ્માનપુરામાં આવ્યા.

એક બેનને પૂછ્યુ : “Is this Usmanpura?”

પેલા બેને કહ્યું : ‘હોવે.’

પર્યટકો મૂંઝાયા. હોવેનો અર્થ શબ્દકોષમાં શોધવા લાગ્યા પણ શબ્દ મળ્યો નહિ.

એટલામાં કોલેજથી છૂટેલી છોકરીને પૂછ્યું : “Is this Usmanpura?”

છોકરીએ કહ્યું : Yes.

પર્યટકે આભાર માનતા કહ્યું : “You seem to be educated.”

છોકરીએ કહ્યું: ‘હોવે.’

❖

તખુભાના ખેતર પાસેથી એક મામતલદાર ઘોડા પર બેસીને જતા હતા. તખુભાએ મામલતદારને પધારો બાપા! કહીને આમંત્રણ આપ્યું. મામલતદાર તો ખેતરમાં ગયા અને ઢોલિયે બેઠા. તખુભા તો વાત કરતા જાય અને ચણાના ઓળા ફોલી ફોલીને મામલતદારના હાથમાં દેતા જાય. ત્યાં મામલતદાર બોલ્યા: “ભા! અમારી તો બદલી થઇ ગઇ.”

બસ! તખુભાનો હાથ મામલતદાર તરફ જતો હતો તે હવે પોતાના મોં તરફ વળી ગયો. મામલતદારે જોયું અને તરત પોતાની ભૂલ સમજાઇ. વાત વાળી લેતાં કહ્યું: “પણ ભા! આપણી લાગવગ ઝાઝી ખરીને તે બદલી બંધ રખાવી દીધી.” હસતાં હસતાં તખુભાએ પાછા ઓળાં ફોલીને મામલતદારને આપતાં કહ્યું : “ઇ તમે સાહેબ બહુ સારુ કર્યું હોં!”

❖

બે સંગીતના જાણકારો વાત કરતા હતાં. એકે કહ્યું કે આવતી કાલે સુરેશભાઇને ત્યાં ભજન કરવા જવાનું છે. પણ કાર્યક્રમ ભૂપાલી ટાઇપનો છે. બીજાએ કહ્યું, “ભલે.”

બે મિત્રો છૂટા પડ્યા એટલે એક મિત્રની સાથે સાથે જતા ભાઇએ પૂછ્યું કે “ભૂપાલી ટાઇપ એટલે?” ‘ભૂપાલી ટાઇપ’ એટલે મફત-પૈસા (Money) વગર. મિત્રે કહ્યું કંઇ સમજ ના પડી. મિત્રે કહ્યું એટલે સંગીતકારે સમજાવ્યું કે ભૂપાલી રાગના સૂર છે: સારેગપધસા. એટલે એમાં ‘મ’ અને ‘ની’- ન આવે. આમ ભૂપાલી એટલે ‘મની’ વગરનો રાગ. આમ આ કાર્યક્રમમાં કંઇ પૈસા (મની) નહિ મળે.

❖

જાપાન દેશના વડાપ્રધાન મહેમાન તરીકે જ્યાં પણ જાય ત્યાં પ્રવચનના અંતે એક ટૂચકો (Joke) કહે. જોક ખૂબ લાંબો અને હસવું ન આવે એવો. છતાં મહેમાનનું માન જાળવવા બધાં થોડુક હસે.

એક વાર એ રશિયા ગયા. ત્યાંના લશ્કરના નવજવાનોને સંબોધતા હતાં. પ્રવચનને અંતે પેલો જ ચીલાચાલુ જોક કહ્યો. બે મિનિટ ચાલેલા જોકનું સેનાપતિએ એક જ શબ્દમાં ભાષાંતર કર્યું અને લશ્કર ખડખડાટ હસવા લાગ્યું. નવજવાનો એટલું હસ્યા કે એમને હસતા બંધ કરવા સેનાપતિએ 'Stop'નો હુકમ આપવો પડ્યો.

કાર્યક્રમ પૂરો થયા પછી વડાપ્રધાને સેનાપતિને પૂછ્યું કે તમે રશિયન ભાષામાં એક શબ્દમાં એવું તે કેવું ભાષાંતર કર્યું કે લશ્કર આટલું બધું હસ્યું? સેનાપતિએ કહ્યું : સાહેબ! આ તો સૈનિકો હતા.

મેં રશિયન ભાષામાં ‘હસો’-Laugh એટલું જ કહ્યું. સૈનિકોએ સેનાપતિના હુકમનું પાલન તો કરવું જ પડે ને!

❖

બિસ્કીટની દુકાનમાં જઇને માલિકની મશ્કરી કરવાના હેતુથી ગ્રાહકે પૂછ્યું : કૂતરાને ખાવાના બિસ્કીટ રાખો છો?

માલિક સમજી ગયો. એણે કહ્યું હા જી. અહીં ખાવા છે કે બાંધી આપું?

❖

શિક્ષક: મનુ! ગધેડાના લક્ષણ બોલ.
મનુ ન આવડવાથી નીચું મોં રાખીને ઊભો રહ્યો.
શિક્ષક: નીચું જોવાથી આવડી જવાનું છે?
ના આવડતું હોય તો મારી સામું જો.

❖

એક પ્રધાન મરી જવાથી સ્કૂલમાં પહેલા પિરિયડ પછી રજા પડી ગઈ. બધા હસતા હસતા જવા લાગ્યા પણ એક છોકરો પાટલી ઉપર બેસી ધ્રૂસકે ધ્રૂસકે રડી રહ્યો હતો. મિત્રોએ સમજાવ્યો પણ રડવાનું બંધ ના થયું. સાહેબે સમજાવ્યું પણ છાનો ના રહ્યો. એટલે હેડ માસ્તરને બોલાવ્યા.

હેડ માસ્તરે સમજાવતા કહ્યું : અલ્યા! આટલું બધું ના રડાય. અમને પણ એમને માટે લાગણી તો છે જ. પણ તું તો કેટલું રડે છે?

છોકરાએ કહ્યું કે પ્રધાન મરી ગયા એટલે નથી રડતો પણ હવે આવતા વર્ષે એમનો પાઠ ભણવાનો આવશે એટલે રડું છું.

❖

એક સરદારજીની ગવર્નર તરીકે નિમણુક થઇ. અભિનંદન આપવા ગયેલા સાત સરદાર મિત્રોએ એમને ભેટમાં એક સરસ કાર આપી.

ગવર્નરે પૂછ્યું: "કહાંસે કાર ખરીદી? કીતનેમેં ખરીદી?"

મિત્રોએ કહ્યું : એક ગુજરાતી વેપારી પાસેથી રૂા. ૨૮૦૦૦માં ખરીદી. એણે અમારા સાતે પાસેથી સરખે ભાગે રૂા.૧૩૦૦૦ લીધા.

ગવર્નર સરદારજીએ કહ્યું : "યે ગુજરાતી વેપારી બહુત ચાલાક હોતે હૈ. આપકી પાસસે ઠીક દામ તો લિયે હૈ ન?"

એમણે એક કાગળ પર ગણતરી કરીને કહ્યું: "હાંજી! ઠીક લીયા હૈ"

**એમણે ગણતરી કેવી કરી?**

| |
|---|
| ૧૩૦૦૦ |
| ૧૩૦૦૦ |
| ૧૩૦૦૦ |
| ૧૩૦૦૦ |
| ૧૩૦૦૦ |
| ૧૩૦૦૦ |
| ૧૩૦૦૦ |
| ૨૮૦૦૦ |

**૩ ને ૩-છ ને ૩ નવ ને ૩ બાર ને ૩ પંદર ને ૩ અઢાર ને ૩ ૨૧ અને પછી એમાં ઉમેરવા માંડ્યા એકડા. ૨૧ ને એક ૨૨ ને એક તેવીસ. એમ થયા ૨૮.**

❖

એક ભાઈ દાતણ લેવા ગયા. આઠ આનાના દાતણ લીધા પછી દાંતણવાળને પૂછ્યું : સો રૂપિયાના છૂટા છે? દાતણવાળીએ ના કહી. પેલા ભાઈ સામેની મીઠાઈની દુકાને જઈ છૂટા લઈ આવ્યા. દાતણવાળી બેન એના કોથળા નીચે મૂકેલા પૈસા ગણતી હતી. પેલા ભાઈ તો જોઈ જ રહ્યા.

એણે પૂછ્યું : બેન! તારી પાસે છૂટા પૈસા હતા તો જૂઠું કેમ બોલી?

દાતણવાળીએ કહ્યું : અમારે પણ ગ્રાહકધર્મ જેવું કાંઈ હોય કે નહિ?

એમાં ગ્રાહકધર્મ કેવો?

દાતણવાળી બેને કહ્યું : બે દિવસ પહેલા તમારા જેવા જ એક ભાઈ દાતણ લેવા આવ્યા હતા. દાતણ લીધા પછી એમણે પૂછ્યું: સો રૂપિયાનું છૂટું છે? મેં હા કહી. એટલે એ ભાઈ મૂંઝાયા. મૂળ એની પાસે

પૈસા જ ન હતા. પણ એ વાત છૂપાવવા એમણે પૂછ્યું હતું કે સો રૂપિયાનું છૂટું છે?

તે દિવસથી મેં નક્કી કર્યું કે કોઇ સભ્ય જણાતી ભણેલી વ્યક્તિ પૂછે કે સો રૂપિયાનું છૂટું છે? તો ના જ કહેવી જેથી એને મૂંઝાવવું ના પડે.

❖

કાગડો એના નાના બચ્ચાને શીખામણ આપતો હતો:-

જો બેટા! આ માનવ જાત ભરોસા પાત્ર નથી. એ વાંકો વળીને હાથમાં પથ્થર લેને એટલે આપણે તરત જ ઊડી જવાનું. એકદમ ઘા કરે તો?

બચ્ચું : બાપા! હું તો માણસ વાંકો વળેને એટલે જ ઊડી જઇશ, હોં!

❖

એક ભાઈ સૂટ-બૂટ પહેરીને ઓટલે ખુરશીમાં બેઠા હતા. ખૂબ કંજૂસ. કોઈ દિવસ આપવાનું સમજેલા નહિ.

ભિખારી : શેઠ! આ ગરીબને આઠ આના-રૂપિયો આપો.

શેઠ : પૈસા ક્યાંથી લાવું ને ક્યાંથી આપું? પૈસા હોવા જોઈએને!

ભિખારી : સારુ, પૈસા ના હોય તો તમારા બૂટની નીચેની ધૂળ આપો.

શેઠ : એ ધૂળથી તારું શું વળે?

ભિખારી : મારું તો કાંઈ ના વળે પણ એ બહાને તમારો હાથ તો વળશે ને!

❖

વેપારી પિતા : બેટા! કૂદ! હું તને ઝીલી લઈશ.
પુત્ર : પણ તમે નહિ ઝીલો તો? મને વાગે તો?
પિતા : મારામાં એટલો વિશ્વાસ નથી? હું તારો બાપ છું.

દીકરો કૂધો. બાપ ખસી ગયો. છોકરાને વાગ્યું એટલે રડવા લાગ્યો.

એક વડીલ આ બધું જોતા હતા એમણે ઠપકો આપતાં કહ્યું : "બાપ થઈને આવું કરો છો? હા કહીને ખસી જાવ છો?"
વેપારી પિતા બોલ્યો : મારે એને એ શિખવવું છે કે ધંધામાં સગા બાપનો પણ વિશ્વાસ કરવો નહિ.

❖

કાઠિયાવાડમાં જાનૈયા બધા જમીને આરામ કરતા હતા. ત્યાંથી પસાર થતા તખુભાએ ઓટલા પર ચત્તા સુતેલા જાનૈયાના પેટ જોઈને કહ્યું : "ભા! સારું એવું જમ્યા લાગો છો."

જાનૈયામાંથી એક બોલ્યો : શું ધૂળ જમ્યા? ખરું જમનારા તો અંદર સૂતા છે.

તખુભા તો ઓટલો ચઢી અંદર ગયા તો કેટલાક જાનૈયા ઊંધા પડીને સૂતા હતા.

તખુભા બોલ્યા : "ભા! હાચું તો તમે જ જમ્યા લાગો છો."

ઊંધા પડેલા પૈકી એક બોલ્યો : "શું ધૂળ જમ્યા? હાચું જમનારા તો ઉપર વયા ગયા."

❖

સૌરાષ્ટ્રમાં ઘોડા પર બેસીને બાપુ કાણે જતા હતા. રસ્તામાં ઘોડા ઊભા રાખી બીડી સળગાવવા માંડી પણ પવનને કારણે સળગે નહિ એટલે ઘોડાના મોં ફેરવ્યા. પછી બીડી સળગાવી અને ઘોડાને હાંકી મૂક્યા.

થોડીવારે રણછોડ બાપા બોલ્યા : "તખુભા! આ ગામ તો આપણા ગામ જેવું જ લાગે છે."

ત્યાં તખુભા બોલ્યા : "અરે! આ તો આપણા ગામનો ચોતરો જ દેખાય છે ને."

એટલે એક જણ બોલ્યો : "બીડી સળગાવીને આપણે ઘોડાને પાછા ફેરવવાનું ભૂલી ગયા'તાને ? તે પાછા આપણે ગામ જ આવ્યા."

એટલે કાઠી દરબાર બોલ્યા : અલ્યા! આપણે તો ભૂલી ગયાં પણ આ ઘોડા પણ ભૂલી ગયાં.

❖

કેટલાક માણસો મરણ પ્રસંગે જતા હતા. રસ્તામાં બાપુ મળ્યા.

બાપુ કહે : "ચાલો, હું પણ કાણે આવું છું."

બધા બેસણામાં બેઠા. બાપુને ખબર નહિ તો પણ શરૂ કરી દીધું.

છોકરાને કહે : "બાપા! પાંચ વરસ જીવ્યા હોત તો તમારું બધું વ્યવસ્થિત થઇ જાત."

છોકરો : "બાપા તો આ બેઠા! એ તો બા જતા રહ્યા."

❖

એક ભાઇ : બેન! તમને બોલતાં આવડે છે કે નહિ?

એ બેનનો પતિ : એમને બોલતાં તો આવડે છે પણ વાત કરતાં નથી આવડતી.

❖

એક જણની કાર નીચે મરઘી આવી ગઇ. એ મરઘીનો માલિક ત્યાં જ હતો. એણે રડારોળ મચાવી દીધી.

કારના માલિકે કહ્યું : લો આ બસો રૂપિયા ને શાંત થાવ.

મરઘીના માલિક કહે : બીજા બસો આપો.

કારનો માલિક : બીજા બસો શાના?

મરઘીનો માલિક : ઘરે એક મરઘો છે. એને ખબર પડશે કે મરઘી મરી ગઇ છે તો પછી એના વિના મરઘો પણ મરી જવાનો.

કારવાળાએ બસો રૂપિયા આપી દીધા.

❖

એક બહેનપણીએ બીજી બહેનપણીને પૂછ્યું: ઇંદિરા! તને ભગવાન બે વરદાન માગવાનું કહે તો તું શું માગે? પરંતુ શરત એ કે તને જે મળે એનાથી બમણું તારા પતિદેવને મળે.

બહેનપણી જાણતી હતી કે ઇંદિરાને એના પતિ સાથે બિલકુલ બનતું નથી.

ઇંદિરાએ કહ્યું : "પહેલું વરદાન માગું કે હે ભગવાન! મને એક કરોડ રૂપિયા આપ."

બહેનપણીએ કહ્યું : પણ તારા પતિને બે કરોડ રૂપિયા મળશે તેનું શું?

ઇંદિરા બોલી : હજી બીજું વરદાન બાકી છે ને!

બહેનપણીએ પૂછ્યું : તું બીજું વરદાન શું માગશે?

ઇંદિરાએ કહ્યું : "હે ભગવાન! ઉપરા છાપરી બે હાર્ટ એટેક આવે અને માણસ મરી જ જાય એ પૈકીનો એક હાર્ટ એટેક મને આપ."

❖

એક લોજમાં પાટિયું લટકતું હતું : "તમે તમારી મેળે શાંતિથી જમો. તમારાં જમણનું બીલ તમારો પૌત્ર ચૂકવશે."

પતિ-પત્ની બરાબરનું જમ્યા. હાથ ધોઈ જવા લાગ્યા ત્યાં વેઈટરે નેવું રૂપિયાનું બીલ આપ્યું.

પતિ-પત્ની : "તમે તો લખો છો કે બીલ તમારો પૌત્ર ચૂકવશે ને હવે અમને બીલ આપો છો?"

લોજનો માલિક : "તમે જમ્યા તેનું બીલ નથી. તમારા દાદા-દાદી જમી ગયા હતા તેનું બીલ છે."

❖

પત્ની : હું રસોઇ કરું છું તો તમે આ રડતા બાળકને
ઝોળીમાં હીંચકા નાંખીને સૂવાડી દોને!

પતિએ અડધો કલાક ઝોળી ઝૂલાવી હાલરડાં ગાયાં પણ બાળક ઊંઘ્યો નહિ.

પત્નીએ આવીને કહ્યું : લાવો! તમારાથી શેકેલો પાપડ પણ નહિ ભંગાય.

એણે હાલરડું ગાવાનું શરૂ કર્યું ત્યાં જ છોકરાએ આંખ મીંચી દીધી.

પત્નીએ કહ્યું : બાળકને આમ સુવાડાય.

પત્ની જતી રહી ત્યાં છોકરાએ આંખ ખોલી. પિતાએ છોકરાને ધમકાવતા કહ્યું : "તારે કારણે મારે તારી મમ્મનો ટોણો સાંભળવો પડ્યો. ઊંઘવું નો'તું તો આંખ કેમ મીંચી?"

બાળકે જવાબ આપ્યો :"મમ્મીનું હાલરડું સાંભળવું એના કરતા આંખ મીંચવી સારી"

❖

સંબંધી : આ તમારા પાડોશીની આર્થિક સ્થિતિ કેમ છે?

મિત્ર : અરે! ખૂબ સરસ. આખી જીંદગી લહેરથી જીવે એટલું છે, જો આવતા અઠવાડિયે મરી જાય તો.

❖

બે મિત્રો હતા. એકનું નામ વિષ્ણુ અને બીજાનું નામ રમેશ. રમેશના ઉચ્ચારો ખોટા.

શ ને બદલે સ બોલે. રમેશ જે પેટ્રોલ પંપ ઉપર પેટ્રોલ પૂરવાની નોકરી કરતો હતો ત્યાં વિષ્ણુ સ્કૂટર લઈને ગયો.

થોડા વખત પછી રમેશે વિષ્ણુને જોયો ને બોલ્યો ઓ! વિસનું (વિષ્ણુ!)!

વિષ્ણુએ કહ્યું : ના ત્રીસનું.

❖

એક બેકાર વકીલ એની ઓફિસમાં બેઠો હતો. ત્યાં એક ભાઇને હાથમાં થેલી સાથે આવતો જોયો. પોતાની પાસે બહુ કામ છે એવું બતાવવા જાણે કોઇની સાથે વાત કરતો હોય એ રીતે ફોનમાં કહેતો હતો : અરે! ભાઈ! તમારો કેસ લડવાનો સમય તો જોઇએ ને? અરે! ફી ત્રીસ હજાર આપો કે ચાલીસ હજાર પણ હું કેસ લડી શકું એમ નથી?

આવનાર પર બરાબર અસર થઈ હશે એમ માનીને એણે ફોન પૂરો કરી રિસિવર મૂકી આવનારને પૂછ્યું : બોલો ભાઇ! તમારો શાનો કેસ છે?

આવનારે કહ્યું : હું કેસ માટે નથી આવ્યો. પણ તમે ફરિયાદ કરી હતી કે મારો ટેલિફોન બગડ્યો છે એટલે ટેલિફોન રિપેર કરવા આવ્યો છું.

❖

દર્દીના સગા : સાહેબ! કાલે ઓપરેશન છે તો કંઈ સૂચના?

દાક્તર : સમયસર આવી રહેજો અને આવો ત્યારે એક ફૂલનો હાર લેતા આવજો.

દર્દીના સગા : ફૂલનો હાર?

દાક્તર : હા! ઓપરેશન સફળ થાય તો મને પહેરાવજો નહિતર....

❖

પ્રવાસી : ઓ રિક્ષાવાળાભાઈ! જરા ધીમે રિક્ષા ચલાવો. તમે રિક્ષાને વળાંક ઉપર ઝડપથી વાળો છો ત્યારે બહુ બીક લાગે છે.

રિક્ષાવાળો : અરે મારા સાહેબ! એમાં બીવાનું શું? મારી જેમ આંખ મીંચી દેવાનું રાખોને!

❖

કાઠિયાવાડમાં બહારગામથી આવેલી જાનનો એક જાનૈયો સલૂનમાં દાઢી કરાવવા ગયો. સલૂનવાળાએ સાબુની ડબ્બી લીધી. બ્રશ લીધું. સાબુની ડબ્બીમાં થૂકયો અને બ્રશ ફેરવવા માંડ્યુ. જાનૈયો તો ઊભો થઇ ગયો અને બોલ્યો : આ શું કરો છો?

હજામ : તમે જાનમાં આવ્યો છો ને! અમારા મહેમાન છોને તેથી ડબ્બીમાં થૂંક્યો. ગામના હોત તો સીધું મોં પર જ થૂકું છું, સમજયા?

❖

એક પાનની દુકાને સરદારજી પાન ખાવા ગયા. પાનવાળાએ કહ્યું : સરદારજી મારા એક પ્રશ્નનો જવાબ આપો. મારી 'મા'એ એક બાળકને જન્મ આપ્યો. એ મારો ભાઈ પણ નથી અને મારી બહેન પણ નથી. તો એ બાળક કોણ?

સરદારજી મૂંઝાયા. માથું ખજવાળવા લાગ્યા. એટલે પાનવાળાએ કહ્યું કે એમાં શું? એ તો હું પોતે.

સરદારજી ખુશ થઈ ગયા. ઘરે જતા હતા ત્યાં રસ્તામાં મિલખાસિંઘ મળ્યા.

એટલે સરદારજીએ એને ઊભા રાખી પૂછ્યું : અબે મિલખાસિંગ! મેરી 'મા'ને એક બચ્ચેકો જનમ દિયા. વો બચ્ચા મેરા ભાઈ ભી નહિ લગતા ઔર બહેન ભી નહિ લગતી. તો વો બચ્ચા કૌન?

મિલખાસિંઘ મૂંઝાયા એટલે સરદારજીએ જવાબ આપી દીધો : ઇતના ભી માલુમ નહિ? વો બચ્ચા ઔર કોઈ નહિ લેકિન વો પાનવાલા.

❖

એક કોલેજમાં ફિશપોન્ડનો કાર્યક્રમ હતો. એક ભારે શરીરવાળી છોકરીને એક છોકરાએ ફિશપોન્ડ આપતાં લખ્યું : તમારો ઘેરાવો જોતાં તમને ઘેર આવો કહેવાનું મન થતું નથી.

❖

રશિયામાં એક વ્યક્તિએ તે વખતના પ્રમુખ ક્રુશ્ચોવને જાહેરમાં ગાંડો કહ્યો. એ વ્યક્તિને ફાંસીની સજા ફરમાવવામાં આવી.

એક ભારતીય નાગરિકે પૂછ્યું: આટલા નાના ગુનાની આવડી મોટી સજા?

રશિયાના અધિકારીએ કહ્યું: ગાંડો કહેવાની સજા તો બે માસની કેદ છે પણ દેશનું ઊંચુ રહસ્ય ખૂલ્લું પાડી દેવાની સજારૂપે ફાંસીની સજા છે.

❖

એક માણસે પોતાના વીલમાં લખ્યું કે મારા મૃત્યુ બાદ મારી બધી મિલકત મારી પત્નીના નામે કરવી પણ શરત એટલી કે એણે એક વર્ષમાં ફરી લગ્ન કરવા જેથી મારા મરણનો ગમ કમસે કમ એક પુરુષને તો થાય.

❖

એક રાજયના મુખ્ય પ્રધાન અને ગૃહ પ્રધાન ગાંડાની હોસ્પિટલની મુલાકાતે ગયા. હોસ્પિટલ જોતાં જોતા એમણે સુપ્રિન્ટેન્ડેન્ટને પ્રશ્ન પૂછ્યો: આ ગાંડા સાજા થયા કે કેમ એની ખબર તમને કેવી રીતે પડે?

સુપ્રિન્ટેન્ડેન્ટ બંનેને હોજ પાસે લઈ ગયા. પછી કહ્યું: અમે આ હોજ પાણીથી ભરી દઈએ. પછી જેની સારવાર કરી હોય તેને કહીએ કે આ હોજ ખાલી કરી નાંખો. જો એ આ ડોલથી ખાલી કરે તો એનામાં હજી ૨૫% ગાંડપણ છે એમ ગણાય પરંતુ જો આ કોક ખોલીને ખાલી કરે તો સંપૂર્ણ સાજો ગણાય.

હોસ્પિટલની બહાર નીકળતા નીકળતા મુખ્યપ્રધાને ગૃહપ્રધાનને કહ્યું: આ કોકનો ખ્યાલ તો મને પણ નો'તો આવ્યો.

❖

આગ્રાનો તાજમહેલ જોવા માટે ઘણા પ્રવાસીઓ આવ્યા હતા. તાજમહેલ જોતા જોતા બે નવયુવકો પૈકી એક બોલ્યો : "તાજમહેલ તો મારે પણ બંધાવવો છે પણ મુમતાજ મળતી નથી."

થોડે અંતરે પચાસ વર્ષની આધેડ વયના બે પુરુષો જતા હતા. એમાંથી એક બોલ્યો : "તાજમહેલ તો મારે પણ બંધાવવો છે પરંતુ મુમતાજ મરતી નથી."

❖

એક સંગીતના કાર્યક્રમમાં એક બહેન ગીત ગાતાં હતાં. શ્રોતાગણમાંથી એક ભાઈએ જોડેવાળાને કહ્યું : આયોજકો આવા ગાનારને ક્યાંથી પકડી લાવતા હશે?

પેલા ભાઈએ કહ્યું : એ મારા પત્ની છે.

એટલે પેલાએ વાત ફેરવી તોળી અને કહ્યું કે ગાનાર બેન! પોતે તો સરસ જ ગાય છે પણ ગીતના શબ્દોમાં ઠેકાણા નથી.

પેલા ભાઈ બોલ્યા : એ ગીત મેં જ લખ્યું છે.

ફરિયાદ કરનાર ઊઠીને બહાર જતો રહ્યો.

❖

પત્ની : રાત્રે (પતિને) સાંભળો છો! ઘરમાં ચોર પેઠા લાગે છે. રસોડામાં ખૂબ ખખડાટ થાય છે.

પતિ : ગાંડી! ચોર આવ્યા હોય ને તો અવાજ ના કરે. એકદમ શાંતિ જાળવીને ચોરી કરતા હોય છે. સૂઈજા.

એકાદ કલાક પછી પાછી પત્નીએ બૂમ પાડી : સાંભળો છો. ચોર આવ્યા લાગે છે. રસોડામાંથી બિલકુલ અવાજ આવતો નથી.

❖

શિક્ષક : પપ્પુ! ફોર્ડ (Ford) શું છે?
પપ્પુ : સાહેબ! એ ગાડી છે.
શિક્ષક : શાબાશ! હવે એ કહે કે ઓકસફોર્ડ (OxFord) શું છે?
પપ્પુ : બળદગાડી.

❖

શિક્ષક : કનુ! તું રોજ કેમ મોડો પડે છે?
કનુ : સાહેબ! શું કરું. મોડા પડવાનું કારણ સાઇનબોર્ડ છે.
શિક્ષક : કેવી રીતે?
કનુ : સાહેબ! રસ્તા ઉપર સૂચનાનું પાટિયું- સાઇનબોર્ડ- હેરાન કરે છે. એમાં લખ્યું હોય છે : આગળ નિશાળ છે. ધીમે ધીમે જાવ.

❖

દીકરી : પપ્પા! તમે અંધારામાં લખી શકો?
પપ્પા : હા બેટા! મોટે ભાગે વાંધો નહિ આવે. તારે અંધારામાં શું લખાવવું છે?
દીકરી : મારા પ્રગતિ પત્રક ઉપર અંધારામાં તમારી સહી કરોને!

❖

એક શિક્ષક વિદ્યાર્થીઓને ઇંગ્લીશ શિખવાડતા હતા.

દરેક નિયમને અપવાદ હોય છે. Every rule has its own exception.

એક વિદ્યાર્થીએ ઊભા થઇને કહ્યું : સાહેબ! અપવાદ વગરનો નિયમ પણ હોઇ શકે.
There can be a rule without an exception.
શિક્ષક : ના, નિયમ હોય ત્યાં અપવાદ હોય જ.

વિદ્યાર્થીએ કહ્યુંઃ સાહેબ! દરેક નિયમને અપવાદ હોય જ એ પણ એક નિયમ જ બન્યો ને? તો એ નિયમનો અપવાદ શો?

શિક્ષક ખૂબ હસી પડ્યા અને વિદ્યાર્થીને શાબાશી આપી.

❖

મા : બેટા! તારા ગણિતમાં કેમ શૂન્ય માર્ક?

દીકરો : ગેરહાજરીને કારણે.

મા : કેમ તું પરીક્ષામાં નો'તો બેઠો?

દીકરો : ના હું તો બેઠો હતો પણ મારી જોડે જે દર વખતે બેસતો હતો તે આ વખતે ગેરહાજર હતો.

❖

એક ગાઇડ અમેરિકન ટૂરિસ્ટને તાજમહાલ બતાવી રહ્યો હતો. એને અંગ્રેજી બહુ ફાવતું ન હતું. એવામાં એક રુદ્રાક્ષની માળા બતાવીને અમેરિકને પૂછ્યું :What is this?

ગાઇડને રુદ્રાક્ષનું અંગ્રેજી આવડતું ન હતું. શું જવાબ આપે? પણ એ હતો હાજર જવાબી એણે તરત કહ્યું : It is Cotton (રૂ) Grapes (દ્રાક્ષ)

❖

મિલખાસિંગ : મરતે વક્ત આદમીકો ક્યા દેના ચાહિએ?
સુરજિતસિંગ : બિરલા સીમેન્ટ.
મિલખાસિંગ : ક્યું?
સુરજિતસિંગ : ક્યું કી બિરલા સીમેન્ટમેં જાન હૈ.

❖

એક સરદારજીના ડાબા હાથે પાટો બાંધેલો જોઈને મિત્રે પૂછ્યું : સરદારજી! શું થયું?

સરદારજી : મશીનમાં હાથ આવી ગયો.

મિત્ર : ચાલો. એટલું સારું થયું કે જમણો હાથ નહિ આવ્યો.

સરદારજી : નહિ જી. જમણો હાથ જ મશીનમાં આવી જતો હતો પણ મેં હોંશિયારી વાપરી જમણો લઈ લીધો ને ડાબો મૂકી દીધો.

❖